KAPADWANJ KELAVANI MANDAL
શિક્ષા · સંસ્કાર · સેવા · સહયોગ

KAPADWANJ KELAVANI MANDAL
શિક્ષા · સંસ્કાર · સેવા · સહયોગ

# કપડવંજ કેળવણી મંડળ

ડાકોર રોડ , કપડવંજ -૩૮૭૬૨૦. (જી.ખેડા)

## સુચનાપત્ર

પરીક્ષાના કુલ ગુણ: ૧૦૦

જુનિયર/ સિનીયર કલાર્કની પ્રાથમિક લેખિત પરીક્ષા તા.૧૫/૦૩/૨૦૨૬.

પરીક્ષાનો સમય: સવારે ૧૧:00 થી ૧૨:00 (૦૧ કલાક)

પ્રાથમિક પરીક્ષાનો અભ્યાસક્રમ અને વિષય ગુણભાર નીચે મુજબ રહેશે

| ક્રમ | વિષય | ગુણ |
|---|---|---|
| 1 | Reasoning | 40 Marks |
| 2 | Qualitative Aptitude | 30 Marks |
| 3 | English | 15 Marks |
| 4 | Gujarati | 15 Marks |
| | Total | 100 Marks |

1) ઉમેદવારે પરીક્ષા સમય કરતા ૦૧ કલાક અગાઉ આપના અસલ ડૉક્યુમેન્ટ તથા તેની એક નકલ સાથે પરીક્ષા કેન્દ્ર ખાતે આપની બેઠક પર હાજર થવાનું રહેશે.
2) આપે આ સાથેની ઉમેદવારી માટેની સૂચનાઓ ધ્યાનપૂર્વક વાંચીને તેનો પરીક્ષા દરમ્યાન અમલ કરવાનો રહેશે.
3) આ પ્રથમ તબ્બકાની પરીક્ષા રહેશે. તેમાંથી મેરીટના આધારે સાત ઉમેદવાર નક્કી કરી બીજા તબબ્કાની પરીક્ષા માટે લાયક ગણવામાં આવશે.
4) આ કોલ લેટર મળેથી અને લેખિત પરીક્ષા આપવાથી આપે જે અરજી કરેલ છે તેના પર નિમણુંકનો કોઈ અધિકાર મળી જતો નથી કે આ પ્રકારનો અધિકાર કે કોઈ હક્ક કે દાવો કરી શકાશે નહી
5) જે ઉમેદવારે એક કરતા વધારે કેટેગરી માટે અરજી કરેલ છે તેવા તમામ ઉમેદવારો માટે તેઓનું પ્રથમ તબક્કાની પરીક્ષાના મેળવેલ ગુણ અરજી કરેલ તમામ કેટેગરીના મેરીટમાં ધ્યાને લેવામાં આવશે.
6) દરેક પ્રશ્ન ૧ (એક) માર્કનો રહેશે.
7) ઉમેદવારે તમામ પ્રશ્નોનો જવાબ આપવાનો રહેશે.
8) ખોટા જવાબ તથા પ્રયત્ન ન કરેલ દરેક પ્રશ્નના ૦.૨૫ નો નકારાત્મક ગુણ રહેશે.
9) દરેક પ્રશ્નના "પ્રયાસ કર્યો નથી (નોન-એટેમ્પટેડ) " નો એક વિકલ્પ રહેશે. જો ઉમેદવાર જવાબ આપવાનો ઇરાદો ધરાવતો નથી તે આ વિકલ્પ પસંદ કરી શકે છે. જો ઉમેદવાર આ વિકલ્પ પસંદ કરે છે તો નકારાત્મક ગુણ આપવામાં આવશે નહીં
10) આ સ્પર્ધાત્મક લેખિત પરીક્ષામાં આપનો પ્રવેશ સંસ્થાની જાહેર ખબર અને તે સૂચનાઓને આધારે આપે ભરેલ અરજીપત્રકમાંની વિગત અને તે હેઠળના સોગંદનામાં ખરાપણાને આધીન રહીને આપવામાં આવે છે. જેમાં ભવિષ્યમાં ક્ષતિ જણાયે સંસ્થા દ્વારા આપને કોઈપણ તબ્બકે ગેરલાયક ઠરાવવામાં આવશે.
11) પરીક્ષા ખંડમાં ઉપસ્થિત થવા માટે આપને મોકલવામાં આવેલ કોલ લેટર અને હાજરી પત્રકમાં અરજી કરેલ ત્યારે લગાવેલ હતો તે ફોટો ચોટાડી સાથે અચૂક લાવવો. પરીક્ષાખંડમાં કોલલેટર વગર પ્રવેશ મળશે નહીં.
12) પરીક્ષામાં હાજરી આપતી વખતે ઓળખ માટે ઈલેક્શન કાર્ડ, પાનકાર્ડ અથવા આધારકાર્ડ પૈકી કોઇપણ એક ઓળખપત્રની ઓરીજીનલ કૉપી સાથે રાખવાની રહેશે.
13) આ પરીક્ષાના પ્રશ્નપત્રનું ઉત્તરપત્રમાં જવાબો OMR (ઓપ્ટીકલ માર્ક રેકગ્નીશન) પધ્ધતિનું રહેશે.
14) OMR પદ્ધતિથી ઉત્તરપત્રમાં જવાબો લખતા પહેલા તે અંગેની ઉત્તરપત્ર OMR અને પ્રશ્નપત્ર ઉપર આપેલી સૂચનાઓ અચૂકપણે વાંચવી.

SHAH K.S.ARTS & V.M.P.COMMERCE COLLEGE KAPADWANJ 387620.

15) OMR પધ્ધતિથી ઉત્તરપત્રોની ચકાસણી સમયે ખોટા જવાબ ચેકા-ચેક, એકથી વધારે જવાબો આપેલ હોય તેના જવાબોના ગુણનું મૂલ્યાંકન માઈનસ પધ્ધતિથી કરવામાં આવશે. જે બાબતની નોંધ લેવી. માઈનસ પધ્ધતિની (-૦.૨૫) ફોર્મ્યુલા છે.

16) આપ ગેરરીતી કે ગેરશિસ્ત આચરતા હશો કે આપની પાસેથી બિનઅધિકૃત પુસ્તકો, કાગળ, સાહિત્ય તથા મોબાઇલ, કેલ્ક્યુલેટર વગેરે જેવા કોઈપણ વિજાણું સાધનો મળી આવશે તો આપ ગેરલાયક ઠરશો. તેમજ આવી વસ્તુઓ જપ્ત કરવામાં આવશે.

17) પરીક્ષા શરુ થયા પછીથી પ્રવેશ મળી શકશે નહી તથા હેતુલક્ષી પરીક્ષા હોવાથી પ્રશ્નપત્ર લખવાનો સમય પૂરો ન થાય ત્યાં સુધી પરીક્ષાખંડ છોડી શકાશે નહી.

18) OMR sheet બહુવિકલ્પવાળા પ્રશ્નના જવાબમાં કોઈપણ સાચો વિકલ્પ પસંદ કરી તેના ગોળ કુંડાળાને બ્લ્યુ અથવા બ્લેક બોલ પોઈન્ટ પેનથી ઘૂંટીને ઘાટ્ટું (●) કરવાના રહેશે. OMR Sheetમાં પેન્સિલ, વ્હાઈટનર, ઈરેઝર કે બ્લેડનો ઉપયોગ કરવાનો નથી

નોધ :-ઉપરોક્ત દર્શાવેલ તમામ સૂચનો પરીક્ષાર્થીએ ફરજીયાત વાંચી તે પ્રમાણે અમલ કરવાનો રહેશે.

SHAH K.S.ARTS & V.M.P.COMMERCE COLLEGE KAPADWANJ 387620.

Offg.Principal
Shah K.S.Arts & V. M. Parekh
Commerce College,Kapadwanj.

## કપડવંજ કેળવણી મંડળ સંચાલિત શાહ કે. એસ. આર્ટ્સ એન્ડ વી. એમ. પારેખ કોમર્સ કૉલેજ, કપડવંજ

વેબસાઇટ એડ્રેસ : (1) https://kpdjac.org (2) https://kkmtrust.org

## જુનિયર કલાર્ક / સિનીયર કલાર્ક પ્રથમ તબક્કાની MCQ પરીક્ષા માટે ઉમેદવારો માટે અગત્યની સૂચના

પરીક્ષા તા: ૧૫-૦૩-૨૦૨૬

૦૧) આપેલ પ્રશ્નપત્રમાં કુલ 100 પ્રશ્નો છે. જેનો ઉત્તરપત્રમાં જવાબ લખવાનો સમય ૦૧:૦૦ કલાકનો રહેશે.

- દિવ્યાંગ ઉમેદવારના કિસ્સામાં કલાક દીઠ વધારાની ૨૦ મિનીટ લેખે વધારાનો સમય આપવામાં આવશે.

૦૨) પ્રત્યેક પ્રશ્નનો ઉત્તર **A,B,C,D,** પૈકી કોઈ એક છે.

૦૩) ઉમેદવાર જો જવાબ ન આપવા માંગતા હોય તો તેને માટે OMR ઉત્તરપત્રકમાં વિકલ્પ **E** આપેલ છે.

૦૪) ઉમેદવાર એ બધા જ પ્રશ્નોનાં ઉત્તર આપવા ફરજિયાત છે.

૦૫) પ્રત્યેક સાચા જવાબ દીઠ ૧(એક) ગુણ મળવાપાત્ર થશે. ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા ગુણાંકન પદ્ધતિમાં માઇનસ પદ્ધતિ દાખલ કરવામાં આવી છે.

- જે મુજબ પ્રત્યેક ખોટા જવાબદીઠ, ખાલી છોડેલ જવાબદીઠ, છેકછાક કરેલ હોય કે એક કરતાં વધુ વિકલ્પ દર્શાવેલ જવાબદીઠ ૦.૨૫ ગુણ કાપવામાં આવશે. જો ઉમેદવાર જવાબ આપવા માંગતા ન હોય અને વિકલ્પ **(E)** ઘાટું કરશે તો ૦.૨૫ ગુણ કાપવામાં આવશે નહીં.
- જવાબ ચાવી **(Answer Key)** ફાઇનલ કરતી વખતે જો કોલેજ દ્વારા એક પ્રશ્નના એકથી વધુ વિકલ્પો સાચા છે તેમ જાહેર કરવામાં આવે તો સાચા વિકલ્પ પૈકી કોઈપણ જવાબ માટે એક (૧) ગુણ મળવાપાત્ર થશે.

૦૬) ઉમેદવાર વાદળી/કાળી બોલ પોઈન્ટ પેનથી ઉત્તરો લખવાના છે. અન્ય શાહી કે પેન કે પેન્સિલ તથા સફેદ શાહીનો ઉપયોગ કરી શકાશે નહીં તથા સફેદ શાહી, બ્લેડ કે રબરથી કે અન્ય કોઈપણ રીતે કરેલ સુધારા માન્ય ગણાશે નહી.

૦૭) પરીક્ષા દરમિયાન ઉમેદવાર પાસેથી પુસ્તક, કોઈ પ્રકારનું સાહિત્ય, કાપલી, મોબાઇલ ફોન, પેજર, કેલ્ક્યુલેટર, બ્લુટૂથ, સ્માર્ટવોચ કે અન્ય કોઈપણ વિજાણું ઉપકરણો હોવાનું જણાશે તો ઉમેદવારને ગેરલાયક ગણવામાં આવશે તેમજ આવી વસ્તુઓ જપ્ત કરવામાં આવશે.

૦૮) પરીક્ષા દરમિયાન ઉમેદવાર અંદરોઅંદર વાતચીત કે અવાજ કરવો નહિ. નિરીક્ષકની સૂચનાઓનું ઉલ્લઘન કરવું કે અન્ય કોઈ ગેરરીતી કરવી તે ગેરશિસ્ત ગણાશે. પરીક્ષા સંચાલન અંગે કેન્દ્ર સંચાલકની સુચના માન્ય રહેશે.

૦૯) પરીક્ષા શરૂ થયેથી પૂરી થાય તે દરમિયાન ઉમેદવારે પરીક્ષાખંડ છોડવાની સખ્ત મનાઈ છે. પરીક્ષા પૂર્ણ થયા બાદ ખંડનિરીક્ષકની સુચનાના મળ્યેથી જ વર્ગખંડ છોડી શકાશે.

૧૦) પરીક્ષા સ્થળ સંચાલકશ્રી દ્વારા પરીક્ષા સંદર્ભે સૂચનાઓ આપવામાં આવે તેનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

૧૧) ખંડ નિરીક્ષકશ્રી દ્વારા પ્રશ્નપત્ર ઉત્તરપત્રની વિગતો ભરવા માટેની સુચનાઓ આપવામાં આવે તે ધ્યાને લઈ માહિતી ભરવાની રહેશે.

૧૨) પરીક્ષાખંડમાં ઉપસ્થિત થવા માટે આપને મોકલવામાં આવેલ કોલ લેટર અને હાજરીપત્રકમાં તાજેતરનો પોતાનો ફોટો ચોટાડી સાથે ફરજિયાત લાવવાનો રહેશે અન્યથા આ પરીક્ષામાં બેસવા દેવામાં આવશે નહી.

૧૩) પરીક્ષામાં હાજરી આપતી વખતે ઓળખ માટે ઇલેક્શન કાર્ડ, ડ્રાઇવિંગ લાયસન્સ, પાનકાર્ડ પાસપોર્ટ અથવા આધારકાર્ડ પૈકી કોઇપણ એક ઓળખપત્રની ઓરિજનલ તથા ઝેરોક્ષ નકલ સાથે રાખવાની રહેશે.

૧૪) નિર્ધારિત પરીક્ષા સમય કરતા ૦૧ કલાક અગાઉ આપે નિયત પરીક્ષા કેંદ્ર ખાતે હાજર થવાનું રહેશે.

૧૫) પરીક્ષા શરૂ થયા પછીથી પ્રવેશ મળી શકશે નહી.

૧૬) ચેતવણી: સંસ્થા દ્વારા થઈ રહેલ આ ભરતી પ્રકિયામાં આપ કે આપના વતી અન્ય ત્રાહિત વ્યકિત દ્વારા સંસ્થા ઉપર અથવા સંસ્થાના અધિકારીશ્રીઓ/ કર્મચારીઓ ઉપર કોઈપણ જાતની ભલામણ, લાગવગ કે દબાણ લાવવાનો પ્રયાસ કરશે તો તેવા ઉમેદવારને સંસ્થા દ્વારા ગેરલાયક ઠરાવીને શિક્ષાત્મક કાર્યવાહી કરાશે.

૧૭) વિશેષ સુચના :- ઉમેદવારોને લાંચ રૂશ્વત/ લાલચ કે છેતરપિંડી આચરે તેવા અસામાજિક તત્વોથી દુર રહેવા સાવધાન કરવામાં આવે છે.

૧૮) પરીક્ષાનું માળખું, તારીખ અને સમય તથા અન્ય સુચનાઓ (1) https://kpdjac.org (2) https://kkmtrust.org પર મૂકવામાં આવશે.

૧૯) લાયક પ્રથમ ૦૭ ઉમેદવારોને કોલ લેટર ટપાલ દ્વારા મોકલવામાં આવશે.

નોંધ - ઉપર્યુક્ત તમામ સૂચનો પરીક્ષાર્થીએ ફરજીયાત વાંચી તે પ્રમાણે અમલ કરવાનો રહેશે.

Offg.Principal
Shah K.S.Arts & V. M. Parekh
Commerce College,Kapadwanj.

SHAH K.S. ARTS & V.M. PAREKH COMMERCE COLLEGE KAPADWANJ 387620.